Seat No. / Enrolment No.:

# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY

**Diploma Engineering – SEMESTER – 2 (NEW) – EXAMINATION – Summer-2025**

**Subject Code: DI02000141** **Date: 02-06-2025**

**Subject Name: Integrated Personality Development Course**

**Time: 10:30 AM TO 01:00 PM** **Total Marks: 70**

**Instructions:**

1. **Attempt all questions.**
2. **Make Suitable assumptions wherever necessary.**
3. **Figures to the right indicate full marks.**
4. **Use of simple calculators and non-programmable scientific calculators are permitted.**
5. **English version is authentic.**
6. **Use only OMR to answer this question paper.**

## Section A

*Instructions: For each question choose ONLY ONE option and mark it on the answer sheet given to you. All questions are compulsory. Answer according to what you learnt from the IPDC lectures and workbook.*

***Marks: 10***

1. Your life will expand or contract in direct relationship to your good and bad habits.

A: True B: False

૧) તમારી સફળતા કે નિષ્ફળતાનો તમારી સારી અને ખરાબ આદતો સાથે સીધો સંબંધ છે.

a. સાચું b. ખોટું

2. There is no difference between listening and hearing.

A: True B: False

૨) Listening અને Hearing માં કોઈ ફરક નથી.

a. સાચું b. ખોટું

3. Dr. Abdul Kalam lived an extraordinary life but only during his time as the President.

A: True B: False

૩) ડૉ.અબ્દુલ કલામ ફક્ત રાષ્ટ્રપતિ તરીકેના સમય દરમિયાન જ અસાધારણ જીવન જીવ્યા હતા.

a. સાચું b. ખોટું

4. As a young adult, it is important to dream, to visualize a goal, and then contemplate on how to achieve it.

A: True B: False

૪) એક યુવાન તરીકે ધ્યેય હોવું, ધ્યેયની કલ્પના કરવી અને તેને કેવી રીતે પ્રાપ્ત કરવો તેનો વિચાર હોવો મહત્ત્વપૂર્ણ છે.

a. સાચું b. ખોટું

5. Networking involves building and maintaining relationships over time.

A: True B: False

૫) નેટવર્કિંગમાં સમયની સાથે સંબંધો બનાવવા અને જાળવવાનો સમાવેશ થાય છે.

a. સાચું b. ખોટું

6. If technology is used without discretion, then it is a blessing. But with discretion, it is a curse.

A: True B: False

૬) ટેક્નોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ આશીર્વાદરૂપ છે, પરંતુ વિવેકહીન ઉપયોગ શાપરૂપ છે.

a. સાચું b. ખોટું

7. To run an organization, one must have faith in its people.

A: True B: False

૭) કોઈપણ સંસ્થા ચલાવવા માટે, તેના લોકોમાં વિશ્વાસ હોવો અનિવાર્ય છે.

a. સાચું b. ખોટું

8. TV, Computer or mobile Screen time generally has a positive effect on family bonding and relationships.

A: True B: False

૮) ટી.વી, કમ્પ્યુટર કે મોબાઈલ સામે વિતાવેલો સમય પારિવારિક સંબંધો પર હકારાત્મક અસર કરે છે.

a. સાચું b. ખોટું

9. Family and community culture can have a significant positive impact on one's health and well-being.

A: True B: False

૯) કૌટુંબિક અને સામાજિક સંસ્કૃતિ વ્યક્તિના સ્વાસ્થ્ય અને સુખાકારી ઉપર હકારાત્મક અસર કરી શકે છે.

a. સાચું b. ખોટું

10. Seva means to serve individuals with the expectation of praise and rewards.

A: True B: False

૧૦) સેવા એટલે પ્રશંસા અને ઇનામ મેળવવાની ભાવના સાથે કોઈક વ્યક્તિને કરેલી મદદ.

a. સાચું b. ખોટું

## Section B

*Instructions: For each question choose ONLY ONE option and mark it on the answer sheet given to you. All questions are compulsory. Answer according to what you learnt from the IPDC lectures and workbook.*

*Marks: 30*

11. Change begins, simply, with__?

a. Talent b. An action c. Effort d. thought

**૧૧) જીવનમાં પરિવર્તનની શરૂઆત એક ___ સાથે થાય છે**?

a. **પ્રતિભા** b. **કાર્ય** c. **પ્રયત્ન** d. **વિચાર**

12. Which of the following points is NOT one of the habits that Tom Corley, author of "Change Your Habits, Change Your Life" discussed in his study of 233 self-made millionaires over a period of 5 years?

a. They get up early b. They sleep 4 hours or less

c. They read a lot d. They make exercise a priority

**૧૨) ટોમ કર્લીએ ૫ વર્ષના ગાળામાં ૨૩૩ આપબળે કરોડપતિ થયેલા લોકોની આદતોના અભ્યાસ "ચેન્જ યોર હેબિટ્સ, ચેન્જ યોર લાઇફ"માં નીચેનામાંથી કયો મુદ્દો નથી**?

a. તેઓ વહેલા ઊઠે છે. b. તેઓ ૪ કલાક અથવા તેથી ઓછી ઊંઘ લે છે.

c. તેઓ ખૂબ વાંચન કરે છે. d. તેઓ કસરતને પ્રાથમિકતા આપે છે.

13. What did Tata do for the people of India?

a. Tate created a free telephone service with unlimited data.

b. Tate created an affordable car for every family.

c. Tata created the largest hospital in Mumbai.

d. Tata created a new submarine for the military.

૧૩) ટાટાએ ભારતના લોકો માટે શું કર્યું?

a. ટાટાએ અમર્યાદિત ડેટા સાથે ટેલિફોન સેવા મફત આપી.

b. દરેક પરિવારને પોસાય તેવી કાર બનાવી.

c. મુંબઈમાં વિશાળ હોસ્પિટલ બનાવી.

d. ભારતીય નૌકાદળ માટે નવી સબમરિન બનાવી.

14. What are the proven ways to show the other person that you are completely engaged in the conversation?

a. Summarizing the main points b. Asking appropriate questions

c. a & b both d. None of the above

૧૪) તમે કોઈ વ્યક્તિ સાથેના વાર્તાલાપમાં સંપૂર્ણપણે મગ્ન છો તે બતાવવાની રીતો કઈ છે?

a. મુખ્ય મુદ્દાઓનો સારાંશ b. યોગ્ય પ્રશ્નો પૂછવા

c. a અને b બન્ને d. ઉપરનામાંથી એકપણ નહીં

15. Which of the following methods should we NOT adopt during difficult challenges?

a. Find a positive attitude b. Find someone to blame

c. Find workable solutions d. Find assistance

૧૫) મુશ્કેલ પડકારો દરમિયાન આપણે નીચેનામાંથી કઈ પદ્ધતિઓ અપનાવવી ન જોઈએ?

a. હકારાત્મક વલણ b. કોઈને દોષિત ઠેરવવો

c. વ્યવહારુ ઉકેલ શોધવો d. કોઇની મદદ મેળવવી

16. Around how many people studied at Takshashilā University for their post-graduation, at any one time?

a. 100 b. 1000 c. 10,000 d. 1,00,000

**૧૬) કોઈ એક સમયે તક્ષશિલા વિશ્વવિદ્યાલયમાં લગભગ કેટલા વિદ્યાર્થીઓ એકસાથે અભ્યાસ કરતા હતા?**

a. **૧૦૦** b. **૧,૦૦૦** c. **૧૦,૦૦૦** d. **૧,૦૦,૦૦૦**

17. Which Professor told Kalam, "This is not good enough Kalam, I expected much better from you."

a. Prof. B.V. Buddhe b. Prof. Satish Dhawan

c. Prof. Srinivasan d. Dr Brahma Prakash.

**૧૭) કયા પ્રોફેસરે કલામને કહ્યું, "કલામ, આ કંઈ વખાણ કરવા જેવું કાર્ય નથી. તારી પાસેથી મને ઘણી વધારે અપેક્ષા હતી."**

a. **પ્રો. બી. વી. બુધ્ધે** b. **પ્રો. સતીસ ધવન**

c. **પ્રો. શ્રીનિવાસન** d. **ડૉ. બ્રહ્મપ્રકાશ**

18. Which of the following is NOT mentioned as a flip-side (drawback) of Social Media in the IPDC workbook?

a. FOMO b. Negative body image c. Healthy sleep patterns d. Poor concentration

**૧૮) નીચેનામાંથી શેનો ઉલ્લેખ IPDC વર્કબુકમાં સોશિયલ મીડિયાની ફ્લિપ-સાઇડ (ખામી) તરીકે કરવામાં આવ્યો નથી?**

a. **ફોમો (FOMO - કંઇક ચૂકી ગયાની અનુભૂતિ)**

b. **નેગેટિવ બોડી ઈમેજ (નકારાત્મક ભાવાકૃતિ)**

c. **હેલ્થી સ્લીપ-પેટર્ન (સ્વસ્થ નિદ્રા લેવાની આદત)**

d. **નબળી એકાગ્રતા**

19. Who told journalists that, his children have not used the iPad and he put a limit on how much technology his kids use at home?

a. Mark Zuckerberg b. Steve Jobs c. Bill Gates d. Tim Cook

**૧૯) કોણે પત્રકારોને કહ્યું કે, તેના બાળકોએ આઇપેડનો (iPad) ઉપયોગ કર્યો નથી અને તેણે પોતાના ઘરમાં બાળકો માટે ટેકનોલોજીના વપરાશ પર મર્યાદા મૂકી દીધી છે.**

a. **માર્ક ઝુકરબર્ગ** b. **સ્ટીવ જોબ્સ** c. **બિલ ગેટ્સ** d. **ટીમ કૂક**

20. The IPDC lesson taught us to keep faith in three things. Which of the below was NOT one of them?

a. Faith in ourselves b. Faith in the system c. Faith in others d. Faith in God

**૨૦) IPDC લેક્ચરમાં આપણે ત્રણ બાબતોમાં વિશ્વાસ રાખવાનું શીખ્યા. નીચેનામાંથી કયો વિકલ્પ ત્રણમાંથી એક નથી?**

a. આપણી જાત ઉપર વિશ્વાસ b. સિસ્ટમમાં વિશ્વાસ

c. બીજા લોકોમાં વિશ્વાસ d. ભગવાનમાં વિશ્વાસ

21. What intention should we keep when performing seva?

a. To help others b. To gain rewards c. To get money d. To be appreciated

**૨૧) સેવા કરતી વખતે આપણે કયો હેતુ રાખવો જોઈએ?**

a. બીજાને મદદ કરવાનો b. ઈનામ મેળવવાનો

c. પૈસા મેળવવાનો d. પ્રશંસા પ્રાપ્ત કરવાનો

22. According to the IPDC workbook, family get-togethers should take place at least:

a. Once every week b. Once every month c. Once every year d. Once every 2 years

**૨૨) વર્કબુક મુજબ, પારિવારિક મિલન (Family get-together) ઓછામાં ઓછું કેટલીવાર થવું જોઈએ:**

a. દર અઠવાડિયે એકવાર b. દર મહિને એકવાર c. દર વર્ષે એકવાર d. દર ૨ વર્ષે એકવાર

23. Which of the following methods should we NOT use when performing seva?

a. Serve with love b. Be thankful c. Be prepared to sacrifice d. Serve to get praised

**૨૩) સેવા કરતી વખતે નીચેનામાંથી કઈ રીતોનો ઉપયોગ ન કરવો જોઈએ?**

a. પ્રેમથી સેવા કરવી. b. આભારી બનવું. c. બલિદાન માટે તૈયાર રહેવું. d. પ્રશંસા મેળવવી.

24. As per Pramukh Swami Maharaj, is technology a blessing or a curse?

a. Blessing
b. Curse
c. It is a blessing with its discreet usage and is a curse without
d. It is a curse with its discreet usage and is a blessing without

**૨૪) પ્રમુખસ્વામી મહારાજના મત મુજબ ટેકનોલોજી એ આશીર્વાદરૂપ છે કે અભિશાપ?**

a. આશીર્વાદરૂપ

b. અભિશાપ

c. વિવેકપૂર્ણ ઉપયોગ સાથે આશીર્વાદરૂપ છે, અને તે વિના અભિશાપ

d. વિવેકપૂર્ણ ઉપયોગ સાથે અભિશાપ છે, અને તે વિના આશીર્વાદરૂપ

25. Complete the following quote from the workbook: "Life is 10% what happens to us and 90% _____"

a. What happens to others b. How we feel c. Having fun d. How we respond to it

**૨૫) વર્કબુકમાંથી નીચે આપેલાં વિધાનને પૂર્ણ કરો: "જીવનમાં આપણી સાથે શું બને છે એનું મહત્ત્વ માત્ર ૧૦% છે, અને ૯૦% _____ તેના ઉપર છે."**

a. **બીજા લોકો સાથે શું થાય છે.** b. **આપણે શું અનુભવીએ છીએ**?

c. **આનંદ કરીએ.** d. **આપણે કેવો પ્રતિભાવ આપીએ છીએ**?

## Section C

*Instructions: For each question choose ONLY ONE option and mark it on the answer sheet given to you. All questions are compulsory. Read each question carefully before answering. Apply what you have learnt from the IPDC lectures and workbook to choose the best option.*

***Marks: 30***

26. Manish is upset because all his classmates have brand-name clothes and the latest mobile phones. Whereas his family's difficult financial situation means that Manish has no choice but to accept whatever used accessories his elder brother gives him. What advice do you think is the best advice for Manish right now?

a. Avoid focusing on what you do not have but learn to appreciate what you do have. This will bring positivity into your daily life.

b. This is life, just accept it. But if you work hard now, then you will earn enough money to buy whatever you want in the future. Then you will always be happy.

૨૬) મનીષના મિત્રો પાસે બ્રાન્ડેડ કપડાં અને મોંઘા આધુનિક ફોન છે; જ્યારે મનીષના ઘરની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી, તેને વપરાયેલી જે વસ્તુઓ મળે તે સ્વીકારવા સિવાય કોઈ છૂટકો નથી. આથી મનીષ દુ:ખી છે. આ સંજોગોમાં તમારા વિચાર પ્રમાણે કઈ સલાહ મનીષ માટે સૌથી વધુ યોગ્ય છે?

a. જે તમારી પાસે નથી તેના પર ધ્યાન આપવા કરતાં જે તમારી પાસે છે, તેની કદર કરો. આ સમજણ તમારા રોજિંદા જીવનમાં હકારાત્મકતા લાવશે.

b. આ જ જીવન છે, તેનો સ્વીકાર કરો. પરંતુ જો તમે અત્યારે સખત મહેનત કરશો, તો તમે ભવિષ્યમાં સારું કમાઈને તમને જે જોઈએ છે તે બધું મેળવી સુખી થઈ શકશો.

27. 'First they break you and then they remake you'. What can we learn from this method that the USA Army use to train their recruits?

a. We should be ready to come out of our own comfort zone to further our personal growth.

b. We should break all limits and make new innovations.

૨૭) "First, they break you and then they remake you." યુ.એસ.એ. આર્મી તેમના સૈનિકોને પ્રશિક્ષિત કરવા આ રીત અપનાવે છે. તેના પરથી આપણને શું શીખવા મળે છે?

a. જીવનમાં આગળ વધવું હોય તો આરામદાયક પરિસ્થિતિ છોડવા તૈયાર થવું પડે.

b. આપણે બધી જ સીમાઓને તોડી કંઈક નવું કરવું જોઈએ.

28. "The rule of 21" - What did we learn from this rule in the context of new habits, as mentioned by Robin Sharma in his book named - "Who will cry when you die?"

a. You should develop a habit, by practising it for 21 days without a break. Initially, it is normal to feel uncomfortable for the first few days. But if you break them in for about three weeks, they will fit like a second skin.

b. If you find it uncomfortable while developing a new habit then take a break and continue when it feels more natural to you. Continue this until you reach the 21 days target to develop a beneficial habit.

૨૮) રોબિન શર્માએ તેના પુસ્તક “હુ વીલ ક્રાય વ્હેન યુ ડાય?” માં વર્ણવેલ “૨૧ નો નિયમ” (Rule of 21)માંથી જીવનમાં નવી સારી ટેવો પાડવા વિષે આપણે શું શીખ્યા?

a. કોઈ નવી ટેવ પાડવા માટે સતત (એકધારા) ૨૧ દિવસ સુધી તેનો અભ્યાસ કરવો જોઇએ. શરૂઆતમાં થોડાં દિવસ થોડું અગવડતાભર્યું લાગે, પણ જો તમે શરૂઆતનાં ત્રણ અઠવાડિયાં સાતત્ય જાળવીને મંડ્યા રહો તો તે ટેવ તમારી ચામડીની જેમ તમારી સાથે જોડાઈ જશે.

b. જો તમને નવી ટેવ પાડવામાં અગવડતા પડતી હોય તો તેને વચ્ચે છોડી દો. અને પછી જ્યારે તમને અનુકૂળતા લાગે ત્યારે ફરીથી શરૂ કરો. કોઈ નવી ઉપયોગી ટેવ પાડવા આ પ્રમાણે ૨૧ દિવસ સુધી કરવાનું ચાલુ રાખો.

29. Radha wants to start a new habit of running 10km daily. She downloaded a fitness app and even bought new trainers. But she struggles to stay motivated to continue every day, especially when her legs feel a bit sore. What can she do to make this habit more regular in her daily routine?

a. Run an extra 5km on the next day as a punishment for skipping a day.

b. Allow herself a small reward every time she reaches her target.

૨૯) રાધા દરરોજ ૧૦ કિ.મી. દોડવાની નવી ટેવ પાડવા માંગતી હતી. તેણે ફીટ્નેસ એપ પણ ડાઉનલોડ કરી અને નવા ટ્રેઈનર્સ (પ્રશિક્ષક)ની પણ મદદ લીધી. પણ રોજ નિયમિતપણે દોડવામાં તેને મુશ્કેલી પડવા લાગી. અને ખાસ કરીને જ્યારે તેના પગમાં દુખાવો થતો હોય ત્યારે તમારા મત મુજબ, આ ટેવને રોજિંદા જીવનનો ભાગ બનાવવા તેણે શું કરવું જોઇએ?

a. એક દિવસ ન દોડવા બદલ બીજા દિવસે શિક્ષારૂપે ૫ કિ.મી. વધારે દોડવું જોઇએ.

b. જ્યારે તે તેના લક્ષ્યને મેળવે તે દરેક વખતે તેણે પોતાની જાતને કંઈક પ્રોત્સાહનરૂપે ઈનામ આપવું જોઇએ.

30. Sanjay spends time on social media until late at night. Because of this, he is sometimes unable to wake up on time in the morning. On such occasions, he sometimes skips his scheduled workout session, so that he can catch the bus to work, to arrive on time. What do you think Sanjay should do to become more consistent?

a. He needs to break the habit of staying up late so that he can wake up on time and complete his morning workout as planned.
b. Social media is also an important part of his nightly routine. So, he should buy a personal vehicle and use that to reduce travel time. That way he can exercise and reach his office on time

૩૦) સંજય સોશિયલ મીડિયા પર મોડી રાત સુધી સમય વિતાવે છે, જેને લીધે તે ક્યારેક સવારે સમયસર ઊઠી શકતો નથી. આવા પ્રસંગે તે કેટલાંક નિર્ધારિત કાર્યોને છોડી દે છે, કે જેથી બસ પકડી સમયસર કામ પર પહોંચી શકે. તમારા મત પ્રમાણે વધારે નિયમિત થવા માટે સંજયે શું કરવું જોઇએ?

a. તેણે મોડે સુધી જાગવાની ટેવ છોડવી જોઇએ જેથી તે સમયસર જાગી નક્કી કર્યા મુજબ સવારનાં કાર્યો પૂરાં કરી શકે.

b. રાત્રે દૈનિક ક્રમ પ્રમાણે સોશિયલ મીડિયામાં જોવું પણ જરૂરી છે. આથી તેણે પોતાનું વાહન ખરીદી લેવું જોઇએ જેથી મુસાફરીમાં ઓછો સમય જાય. આ પ્રમાણે તે પ્રયત્ન કરીને સમયસર કામ પર પહોંચી શકશે.

31. Mr. Honda is the CEO of a clothing manufacturing company. Over the last two years, Mr Honda has successfully opened 18 new factories around India. Today, he has a review meeting with his clients in Mumbai. Just as he was about to board his flight, he receives news of an accident in one of his nearby factories. One of the machines temporary malfunctioned, injuring 15-20 of his workers. What should Mr Honda do?

a. Mr. Honda should reschedule his meeting and visit the factory to personally provide emotional and financial support to his workers according to their needs.

b. Mr. Honda should inform the manager to give the workers a financial package for their troubles and then continue to his meeting.

૩૧) શ્રીમાન હોન્ડા એક કપડાં બનાવતી કંપનીના સી.ઈ.ઓ. છે. છેલ્લા બે વર્ષમાં શ્રી હોન્ડાએ આખા ભારતમાં સફળતાપૂર્વક નવી ૧૮ ફેક્ટરીઓ ખોલી છે. આજે તેમનાં ગ્રાહકો સાથે મુંબઈમાં તેમની રીવ્યુ મિટિંગ છે. એ વિમાનમાં ચડવાના હતા ત્યાં જ તેમને તેમની એક નજીકની ફેક્ટરીમાં અકસ્માત થયાના સમાચાર મળે છે. એક મશીનમાં ખરાબીને કારણે ૧૫-૨૦ કારીગરોને ઈજા થઈ છે. આ સમયે શ્રી હોન્ડાએ શું કરવું જોઈએ?

a. શ્રી હોન્ડાએ તેમની મિટિંગ બીજા કોઈ દિવસે ગોઠવી ફેક્ટરી પર જઈને કારીગરોને ભાવાનાત્મક અને તેમની જરૂરિયાત મુજબ આર્થિક ટેકો આપવો જોઈએ.

b. શ્રી હોન્ડાએ તેમના મેનેજરને કહીને કારીગરોને આ મુશ્કેલ પરિસ્થિતિમાં આર્થિક સહાય અપાવીને તેમની મિટિંગ કરી લેવી જોઈએ

32. Ram has just received his mid-term exam back from his teacher. He has scored the highest score in the class with an amazing 91%. After being praised by his teacher, Ram looks through his classmate's paper. His classmate, Shyam, has also scored very highly. Upon further inspection, Ram notices that one of Shyam's questions was marked incorrectly. If Ram informs the teacher then Shyam will gain 3 more marks. However, this will put Shyam as the highest scorer and Ram as second. What do you think Ram should do?

a. Ram should not inform the teacher. The fault belongs to the teacher. So, Ram should just enjoy his well-earned first place.

b. Ram should inform the teacher about the mistake and take pleasure in helping Shyam get a better grade.

૩૨) રામને હમણાં તેના શિક્ષક પાસેથી પ્રથમ સત્રાંત પરીક્ષાના ગુણ મળ્યા. તેણે વર્ગમાં સૌથી વધુ ૯૧% મેળવ્યા. શિક્ષકે પણ તેની પ્રશંસા કરી. ત્યારબાદ રામે તેના સહાધ્યાયી શ્યામની ઉત્તરવહી જોઈ. તેણે પણ ઊંચા ગુણ મેળવ્યા હતા. ઉત્તરવહી જોતાં રામે જોયું કે શ્યામનો એક જવાબ સાચી રીતે ચકાસાયેલો ન હતો. જો રામ તે વાત શિક્ષકને જણાવે તો શ્યામના ૩ ગુણ વધી જાય તેમ હતું. અને તેને કારણે શ્યામ પહેલા નંબરે આવી જાય અને રામ બીજા નંબર પર આવે. તમારા મંતવ્ય મુજબ રામે શું કરવું જોઈએ?

a. રામે શિક્ષકને જણાવવું ન જોઈએ. ખરેખર વાંક તો શિક્ષકનો છે. રામે તેના પહેલા નંબરનો આનંદ જાળવી રાખવો જોઈએ.

b. રામે શિક્ષકને આ ભૂલની જાણ કરવી જોઈએ, અને શ્યામને વધારે ગુણ અપાવી ખુશ થવું જોઈએ.

33. Suraj is having a discussion with his friend Minesh about a recent argument they had at college. This incident has made Minesh feel disappointed. He believes that Suraj is to blame for the whole incident. But Suraj tries to calmly explain why he reacted in the way he did. What is the best way for Minesh to approach this conversation?

a. Minesh should get up and leave the conversation. Then try to forget about the incident.

b. Minesh should carefully listen and try to understand Suraj's perspective with an open mindset.

૩૩) સૂરજને તેના મિત્ર મિનેષ સાથે કોલેજમાં ઉગ્ર દલીલ થાય છે. આ ઘટનાથી મિનેષ નિરાશ થયેલો છે અને એ આખી ઘટના માટે સૂરજને જવાબદાર માને છે. થોડા સમય બાદ સૂરજ શાંતિથી તેને સમજાવવા પ્રયત્ન કરે છે, કે તેને શા કારણે એવી પ્રતિક્રિયા આપી. આ વખતે મિનેષે કેવી રીતે વર્તવું જોઈએ?

a. મિનેષે સૂરજની વાતને અવગણીને ઘટનાને ભૂલી જવા પ્રયત્ન કરવો જોઈએ.

b. મિનેષે સૂરજની વાત ધ્યાનપૂર્વક સાંભળી સૂરજના દૃષ્ટિકોણથી વાતને સમજવા માટે ખુલ્લા મને પ્રયત્ન કરવો જોઈએ.

34. Anjali has prepared for a cultural festival dance performance at her college. She has been practicing for many weeks. It is now the day before the event and Anjali is feeling quite confident. But that was until she saw the other participants practicing. Seeing their dance routines, she felt that they were far superior to her. What would you recommend her to do?

a. She should remember her efforts and give her best performance possible.

b. She should give an excuse to the organizer and avoid her performance to prevent any potential embarrassment.

૩૪) અંજલિ કોલેજના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા ઘણા દિવસથી તૈયારી કરી રહી છે. હવે કાર્યક્રમને એક જ દિવસ બાકી છે અને અંજલિ પૂરી રીતે તૈયાર છે. પણ જ્યારે તેણે બીજા સ્પર્ધકોને તૈયારી કરતાં જોયા ત્યારે તેને લાગે છે કે તે લોકો એના કરતાં ઘણું વધારે સારું કરી રહ્યા છે. આ સમયે તમે અંજલિને શું સલાહ આપશો?

a. તેણે પોતે કરેલી મહેનતમાં વિશ્વાસ રાખી કાર્યક્રમમાં ઉત્તમ દેખાવ કરવો જોઇએ.

b. તેણે આયોજકોને કોઇક બહાનું બતાવી કાર્યક્રમમાં ભાગ ન લેવો જોઇએ, જેથી ક્ષોભજનક પરિસ્થિતિમાં ન મુકાવું પડે.

35. Bhavya has just completed her master's degree in Biophysics. She is now applying to take a PhD at five of the top 20 universities in America. She has received admission to two universities and is now deciding which admission to accept. After weighing up both options, she has seen two deciding factors. Which of the below factors do you think she should prioritize as the most important?

a. The expertise and suitability of the PhD supervisor.

b. The reputation and prestige of the university.

૩૫) ભવ્યએ હમણાં જ બાયોફિઝિક્સમાં માસ્ટર ડિગ્રી લીધી છે. તે પી.એચ.ડી. માટે અમેરિકાની ટોચની ૨૦ યુનિવર્સિટીઓમાંથી પાંચમાં પ્રવેશ મેળવવા પ્રયત્ન કરી રહી છે. તેને બે યુનિવર્સિટીમાં પ્રવેશ મળ્યો છે અને હવે તે દ્વિધામાં છે કે કઇ યુનિવર્સિટીમાં જવું. બન્નેની તુલના કરતાં બે બાબતો સામે આવી. તમારા મત મુજબ નીચેની કઇ બાબતને પ્રાધાન્ય આપવું જોઇએ?

a. નિપુણ અને યોગ્ય પી.એચ.ડી. ગાઈડ.

b. યુનિવર્સિટીની ખ્યાતિ તથા પ્રતિષ્ઠા.

36. Ravi has recently developed a new start-up company providing an online delivery service. His company has been gaining many orders from his customers. His six employees have been working non-stop for the last 18 hours to meet the increased demands. As he is about to leave the office, he sees it is 10 PM, and his employees must still package 300 more products before they can rest tonight. As their leader, how should Ravi engage with his employees?

a. Ravi should take out a few minutes to order his employees to work harder and faster.

b. Ravi should stay with his employees to help them finish packaging the products.

૩૬) રવિએ તાજેતરમાં એક નવી સ્ટાર્ટ-અપ કંપની ચાલુ કરી છે જે ઓનલાઇન ડિલિવરી સેવા પૂરી પાડે છે. તેની કંપનીને ગ્રાહકો પાસેથી ઘણા ઓર્ડર મળી રહ્યા છે. ઓર્ડર વધતાં, તેના ૬ કર્મચારીઓ છેલ્લા ૧૮ કલાકથી સતત કામ કરી રહ્યા છે. જ્યારે રવિ ઓફિસથી નીકળવાની તૈયારી કરે છે, ત્યારે તે જુએ છે કે રાતના ૧૦ વાગ્યા છે અને તેના કર્મચારીઓ હજી કામ કરી રહ્યા છે, અને હજુ ૩૦૦ ઓર્ડરનાં પેકિંગ બાકી છે. એક લીડર તરીકે, રવિએ તેના કર્મચારીઓ સાથે કેવી રીતે વર્તવું જોઇએ?

a. રવિએ તેના કર્મચારીઓને સખત અને ઝડપી મહેનત કરવાનો આદેશ આપવો જોઇએ.

b. ઓર્ડર્સનું પેકિંગ પૂરું થઈ જાય ત્યાં સુધી રવિએ તેના કર્મચારીઓ સાથે રહીને તેમને મદદ કરવી જોઇએ.

37. Chandresh has been using his phone at night before bedtime and now experiences sleeplessness. How would you suggest he solves this problem?

a. He should only use limited applications at night and avoid playing any games on his phone.

b. He should set a fixed time at night where he stops using social media. And he should not sleep with his phone within reach.

૩૭) ચંદ્રેશ સૂતા પહેલાં રાત્રે તેનો ફોન વાપરી રહ્યો છે અને હવે તેને ઊંઘ આવતી નથી. તમે આ સમસ્યાનો હલ શું સૂચવશો?

a. તેણે રાત્રે માત્ર મર્યાદિત એપ્લિકેશનનો જ ઉપયોગ કરવો જોઇએ અને તેના ફોન પર રમતો રમવાનું ટાળવું જોઇએ.

b. તેણે રાત્રે એક નિશ્ચિત સમય સેટ કરવો જોઇએ જેથી તે સમયે તે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવાનું બંધ કરે અને તેણે રાત્રે સૂતી વખતે ફોન પોતાની નજીક રાખીને સૂવું ન જોઇએ.

38. Megha has recently been feeling unhappy and lonely. For the last 2 weeks, she has been longing

to share her emotions with someone. What should she do?

a. She should reach out to people using social media and create new friendships.

b. She should express her feelings to family members with whom she feels comfortable

૩૮) મેઘા થોડા સમયથી દુ:ખ અને એકલતા અનુભવે છે. છેલ્લા ૨ અઠવાડિયાથી, તે કોઇકની સાથે પોતાની લાગણીઓ વ્યક્ત કરવા ઇચ્છે છે. મેઘાએ શું કરવું જોઇએ?

a. તેણે સોશિયલ મીડિયાના માધ્યમથી લોકો સુધી પહોંચવું જોઇએ અને નવા મિત્રો બનાવવા જોઇએ.

b. તેણે પરિવારના જે સભ્ય સાથે વધુ નિકટતા હોય તેની સાથે પોતાની લાગણીઓ વ્યક્ત કરવી જોઇએ.

39. Nehal spent her school vacation volunteering for a disaster relief project. This required her to spend two weeks packing and distributing food packets for flood victims. This seva was tiring and time-consuming. Despite her efforts she found the residents of one village to be very ungrateful. The residents took the food packets, but they did not say thanks, smile, or give any response. This made Nehal feel sad and unappreciated. What advice best suits Nehal's difficulty during this seva?

a. We should not expect everyone to be thankful. Instead, we should be thankful that we have been given the opportunity to perform this important seva.

b. Only a few residents were ungrateful. But some people from the other villages praised us, so we should remember those praises instead.

૩૯) નેહલે પોતાનું સ્કૂલ વેકેશન પૂર હોનારતના રાહતકાર્ય માટે સ્વયંસેવક તરીકે ગાળ્યું. તેણે પૂર પીડિતો માટે બે અઠવાડિયા સુધી પેકિંગ અને ફુડપેકેટ વિતરણની સેવા કરી. આ સેવા થાક લાગે તેવી અને સમય માંગી લેતી હતી. તેના પ્રયત્નો છતાં તેને એક ગામના રહેવાસીઓ ખૂબ જ કૃતઘ્ની લાગ્યા. રહેવાસીઓએ ફૂડપેકેટ લીધા, પરંતુ તેઓએ આભાર પણ માન્યો નહીં, સ્મિત કે કોઈ પ્રતિભાવ પણ આપ્યો નહીં. આનાથી નેહલ દુઃખી થઇ અને તેનો ઉત્સાહ ઓસરી ગયો. આ સેવા દરમ્યાન નેહલની મુશ્કેલીને અનુરૂપ કઈ સલાહ આપ આપશો?

a. દરેક આપણો આભાર માને તેવી અપેક્ષા આપણે ન રાખવી જોઈએ. તેના બદલે, આપણે તેમના આભારી બનવું જોઈએ કે તેમણે આપણને આ મહત્ત્વપૂર્ણ સેવા કરવાની તક આપી.

b. થોડા રહેવાસીઓ કૃતઘ્ની હતા જ. પરંતુ અન્ય ગામોના લોકોએ આપણી પ્રશંસા કરી, તેથી આપણે તે પ્રશંસાને યાદ કરવી

40. Deepa is currently studying law at a world-renowned college in America. She has been asked to deliver a speech about gender equality at a regional student convention. Deepa is passionate about her subject, but she is worried that the audience members will quietly mock her Indian accent and origin. She is mostly prepared for her speech, but with 3 days to go, this worry is still playing in her mind. What should she do?

a. Deepa should use these last few days to try and adopt a more American accent.

b. Deepa should focus on channelling her passion to her audience.

૪૦) દીપા અત્યારે અમેરિકામાં આવેલી દુનિયાની પ્રખ્યાત કોલેજમાં કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરી રહી છે. તેને ક્ષેત્રિય વિધાર્થી સંમેલનમાં જાતીય સમાનતા અંગે ભાષણ આપવા કહેવામાં આવ્યું છે. દીપા પણ ભાષણના વિષયને લઇને બહુ ઉત્સાહિત છે. પણ સાથે સાથે તેને એવી બીક પણ છે કે તેની બોલવાની ભારતીય શૈલીને કારણે પ્રેક્ષકગણમાં કોઇક મજાક પણ ઉડાવે. તેણે તેનું ભાષણ તો તૈયાર કરી લીધું છે અને હવે ફક્ત ત્રણ જ દિવસ બાકી છે, પણ પેલી ચિંતા હજુ તેને કોરી ખાય છે. તમે જણાવો કે તેણે શું કરવું જોઇએ?

a. દીપાએ આ છેલ્લા ત્રણ દિવસનો ઉપયોગ અમેરિકન ઢબ પ્રમાણેની અંગ્રેજી ભાષા બોલતાં શીખવા માટે કરવો જોઇએ.

b. દીપાએ ફક્ત તેના ભાષણને ધારદાર રીતે પ્રેક્ષક સમક્ષ રજૂ કરવા ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ.